# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૨૮, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૫



## યુજીવીસીએલ દ્વારા ૬૬મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી



સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



યુજીવીસીએલ દ્વારા ૬૬મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી



સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અન્વયે ધોલેરા ખાતે વીજ વિતરણની સુદ્રઢ વ્યવસ્થા

# આ અંકમાં

વર્ષ–૫ અંક–૨૮, જાન્યુઆરી – ફેબ્રુઆરી ૨૦૧૫
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે.એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૨/૨૦૧૫

## આ અંકમાં

**ઉજવણી**
» યુજીવીસીએલ દ્વારા ૬૬મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી....................................૦૪
» સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કંપનીના ચેરમેન શ્રી વરુણનાથ માયરાના વરદ્‌હસ્તે ધ્વજ વંદન....................................૦૮

**સંક્ષિપ્ત સમાચાર**
» કડી વિભાગીય કચેરી ખાતે યોજાયેલ ધ્વજ વંદનનો કાર્યક્રમ............................૦૯
» પાટણ ખાતે યોજાયેલ વીજ સલામતી અંગેનો સેમિનાર................................૦૯

**શ્રદ્ધાંજલિ**
» યુજીવીસીએલ પરિવારે સ્વજન ગુમાવ્યા, સલામતી અંગે કંપની ચિંતિત.............................૧૦

**સલામતી**
» વીજ અકસ્માત અટકાવવા હાર્દિક અપીલ..................૧૧

**કંપની સમાચાર**
» સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અન્વયે ધોલેરા ખાતે વીજ વિતરણની સુદ્રઢ વ્યવસ્થા................................૧૨
» ટી એન્ડ ડી લોસ ઘટાડવા સઘન ઝુંબેશ....................૧૩

**સાવચેતી**
» સ્વાઇન ફ્લુથી બચવા રાખવાની તકેદારી....................૧૪



**છેલ્લાં નવ વર્ષમાં ૧૩ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ મેળવી એક નવા ઈતિહાસની રચના આપણે કરી શક્યા છીએ.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

*''તમારી સફળતા વખતે લોકો તમને જેટલા સારા માને છે તેટલા સારા તમે નથી હોતા, તે જ રીતે તમારી નિષ્ફળતા વખતે તમને જેટલા ખરાબ માને છે તેટલા ખરાબ પણ તમે નથી હોતા.''*

**– રોબર્ટ સ્કૂલર**

ઉત્તર ગુજરાત વીજ કંપની છેલ્લાં નવ વર્ષથી વીજ વિતરણ ક્ષેત્રે વિવિધ કામગીરી દ્વારા ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક જીવનમાં મહત્ત્વનું યોગદાન આપી રહેલ છે જેનું આપણને ગૌરવ છે.

વીજ વિતરણ ક્ષેત્રે ભારતની સફળ વીજ કંપની બનાવવામાં કર્મચારીઓનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. જેને લીધે છેલ્લાં નવ વર્ષમાં ૧૩ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ મેળવી એક નવા ઈતિહાસની રચના આપણે કરી શક્યા છીએ. સફળતા અને નિષ્ફળતા એ કોઈ પણ કામગીરીના પરિણામનાં મહત્ત્વનાં પાસાં છે, પણ મને આપણી કામગીરીમાં હંમેશા સફળતા જ જોવા મળેલ છે.

તાજેતરમાં ટીએન્ડડી લોસ ઘટાડવા હાથ ધરવામાં આવેલ સઘન ઝુંબેશ માટે કંપનીના નાનામાં નાના કર્મચારીથી માંડી ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ પ્રતિસાદની હું સહર્ષ નોંધ લઉં છું. ટીએન્ડડી લોસમાં ઘટાડા જેવી જરૂરી તમામ કામગીરીનું સૂક્ષ્મ આયોજન અને ત્યારબાદ મળેલી સફળતા પ્રભાવિત કરે તેવી છે. સફળ કામગીરી સંલગ્ન તમામને ખૂબ ખૂબ અભિનંદન. સફળ કામગીરીનો આ 'સ્પીરીટ' આપણને વધુ ઊંચાં લક્ષ્યાંકો પૂર્ણ કરવા ઊર્જા પૂરી પાડશે તેવી આશા રાખું છું.

આગામી ઉનાળા દરમિયાન વીજ માંગ સ્વાભાવિક રીતે વધશે અને આપણી કામગીરી વધુ ચેતનવંતી બનાવવી પડશે, જેથી ગરમીમાં ગ્રાહકોને સંતોષ આપી શકાય અને કંપની પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત કરી શકાય.



**એન. શ્રીવાસ્તવ,** આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૨-૨૦૧૫**



# યુજીવીસીએલ દ્વારા ૬૬મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી

૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન.શ્રીવાસ્તવના અધ્યક્ષ પદે કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઇ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એસ.આર. પટેલ, શ્રી આર.બી. કોઠારી મહાપ્રબંધક (નાણાં), વિશેષ મુખ્ય ઇજનેર, જેટકો, શ્રી આર.પી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (વહીવટ), શ્રી એ.સી. પ્રજાપતિ તથા ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારી ભાઇઓ તથા બહેનો વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

સિક્યુરીટી ઇન્સ્પેક્ટર દ્વારા કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીને ધ્વજવંદનના મંચ ઉપર લઈ જવામાં આવેલ. ધ્વજવંદન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના વરદ્દહસ્તે કરવામાં આવેલ ત્યારબાદ સમૂહમાં રાષ્ટ્રગીતનું



ગાન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે સફળતા મેળવવા બદલ કર્મચારીના બાળકોને રોકડ તથા સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવેલ. તેમજ ટીએન્ડડી લોસીસ ઘટાડવા માટે ઉત્સકૃષ્ટ કામગીરી કરવા બદલ ફીડર મેનેજરોને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. તેમજ રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર શ્રેષ્ઠ રમતવીરો, ભજનીકો અને શ્રેષ્ઠ અભિનેતાને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ.

શ્રી જશુભાઇ બારોટ, શ્રી કું. મૈત્રી વાઘેલા, શ્રી સુરજીત ભટ્ટાચાર્ય અને શ્રી ડી.એસ. પરમાર દ્વારા દેશભક્તિના ગીતો ગાઇને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી એસ.બી. લીંબાચીયા નાયબ ઇજનેર દ્વારા કરવામાં આવેલ. જ્યારે શ્રેષ્ઠ રમતવીરો, ભજનીકો અને શ્રેષ્ઠ અભિનેતા અંગેની વિગતવાર માહિતી સન્માન વખતે શ્રી શૈલેશ નાયક સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા આપવામાં આવેલ.

### માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્દબોધન અક્ષરશઃ

૬૬મા પ્રજાસત્તાક દિવસ ઉપર હાજર રહેનાર તમામ ભાઈઓ, બહેનો અને બાળકોને હાર્દિક અભિનંદન.

પ્રજાસત્તાક દિવસ આપણા માટે



## રમત-ગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રે યશસ્વી દેખાવ કરવા બદલ સન્માનિત કર્મચારીઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | રમતનું નામ અને પસંદગીની વિગત |
|---|---|---|---|
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | ઝેરડા, સબડિવિઝન | AIESCBની કબડ્ડી ટુર્નામેન્ટ માટે પસંદગી |
| એન.ડી. સાટોડિયા | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ, ડી.ઓ. | AIESCBની ટેનીકોઇટ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીમતી દિનાબેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ સબડિવિઝન | ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સિંગલ્સ અને ડબલ્સ રનર્સ-અપ તેમજ AIESCBની ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીમતી શિલ્પાબેન પટેલ | જુનિયર એન્જિનીયર | સલાલ સબડિવિઝન | ઇન્ટર કંપની બેડમિંટન ટુર્નામેન્ટની ડબલ્સમાં રનર્સ-અપ તેમજ AIESCBની ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી બી.એ. જોશી | જુનિયર એન્જિનયર | કલોલ (ટી) સબડિવિઝન | AIESCBની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી કે.એસ. સીંધી | ડેપ્યુટી એન્જિનીયર | રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | ઇન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન તથા AIESCBની ટુર્નામેન્ટ માટે કેપ્ટન તરીકે પસંદગી |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર એન્જિનયર | પાલનપુર (એચ) સબડિવિઝન | ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટના કેપ્ટન તરીકે ટીમ રનર્સ-અપ તેમજ AIESCBની ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર ડિવિઝન ઓફિસ | ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ ટીમના સભ્ય તેમજ AIESCBની ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર (ટાઉન) સબડિવિઝન | ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ ટીમના સભ્ય તેમજ AIESCBની ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી વી.એચ. અસારી | આઇઆરઓ | આરએન્ડસી, મહેસાણા | **ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ ટીમના સભ્ય** |
| શ્રી કે.જે. કલાસવા | આસિસ્ટન્ટ લાઇનમેન | બેચરાજી, સબડિવિઝન | |
| શ્રી એચ.આર. નીનામા | ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | હિંમતનગર (રૂરલ) સબડિવિઝન | |
| શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર, સબડિવિઝન | |
| શ્રી વાય.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ઇકબાલગઢ, સબડિવિઝન | |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ (વીએસ) | સાંનતેજ, સબડિવિઝન | |
| શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ઊંઝા, સબડિવિઝન | |
| શ્રી બી.જી. કોએટીયા | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨, ડિવિઝન ઓફિસ | |
| શ્રી એસ.કે. તરાલ | ઇલેક્ટ્રિક આસિસ્ટન્ટ | જગ્રાલ, સબડિવિઝન | |
| શ્રી કે.સી. પુવાર | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ | ઇન્ટર સર્કલ મ્યુઝિક ડ્રામા કોમ્પિટિશનની ભજનની કેટેગરીમાં પ્રથમ ક્રમે વિજેતા |
| શ્રી જશુભાઇ બારોટ | સિનિયર આસિસ્ટન્ટ | સિધ્ધપુર (ટાઉન) સબડિવિઝન | ઇન્ટર સર્કલ મ્યુઝિક ડ્રામા કોમ્પિટિશનની ભજનની કેટેગરીમાં ચોથા ક્રમે વિજેતા |
| શ્રી જે.એ. શાસ્ત્રી | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ ડિવિઝન ઓફિસર | ઇન્ટર સર્કલ મ્યુઝિક ડ્રામા કોમ્પિટિશનની નાટકની કેટેગરીમાં શ્રેષ્ઠ અભિનેતા તરીકે ત્રીજા ક્રમે વિજેતા |

ખૂબ જ મહત્ત્વપૂર્ણ તહેવાર છે. આ પર્વ આપણી સંસ્કૃતિ મુજબ મનાવાતા અનેક પર્વોથી અલગ આપણી એકતા, આપણી અખંડિતતા આપણા મૂળભૂત અસ્તિત્વને બનાવી રાખવાની અને વિકાસના માર્ગ પર આગળ વધવાનો સંકલ્પ લેવાનો તહેવાર છે. આજના દિવસે આપણા દેશને આપણું સંવિધાન મળ્યું હતું અને ભારતનો દરેક નાગરિક આ ઉત્સવ ઉજવે છે.

ભારત વર્ષ વિશ્વનો સાતમો મોટો દેશ છે. આ વિશાળ દેશમાં અનેક ભૌગોલિક વિવિધતાઓ છે, ભૌગોલિક વિવિધતા અને

| શૈક્ષણિક ક્ષેત્રે યશસ્વી કામગીરી માટે મેરિટ એવોર્ડ મેળવનાર બાળકો/કર્મચારીની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | મેરિટ એવોર્ડની રોકડ રકમની વિગત |
| કુ. મેઘાવી, સુપુત્રી | શ્રી એસ.બી. શાહ, પ્રોગ્રામર | આરએન્ડસી, મહેસાણા | ૮૬.૯૨ | ૧૨ | રૂ. ૫૦૦ |
| ચિ. પ્રિયંક, સુપુત્ર | શ્રી એમ.એ. ત્રિવેદી, નાયબ ઈજનેર | એમ.ટી. લેબ, સાબરમતી | ૮૬.૪૬ | ૧૨ | રૂ. ૫૦૦ |
| ચિ. પાર્થ, સુપુત્ર | શ્રી એસ.બી. શાહ, પ્રોગ્રામર | આરએન્ડસી, મહેસાણા | ૯૨.૦૦ | ૧૦ | રૂ. ૨૫૦ |
| પોતે | શ્રી કે.એમ. તડવી, ડેપ્યુટી સુપ્રિટેન્ડટ (એકાઉન્ટસ) | આરએન્ડસી, મહેસાણા | - | ICWA | રૂ. ૧૦૦૦ |

**યશસ્વી કામગીરી માટે સન્માનિત કરવામાં આવેલ ફિડર મેનેજરોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | લાગુ પડતું સબડિવિઝન | ફિડરનું નામ |
|---|---|---|---|---|
| શ્રી કે.વી. સોનારા | ડેપ્યુટી એન્જિનીયર | ધોળકા (રૂરલ) | ધંધુકા | રાયસણગઢ |
| શ્રી વી.આર. સોની | ડેપ્યુટી એન્જિનીયર | બારેજા | ધંધુકા | ઝાંઝરકા |
| શ્રી પી.કે. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | દેહગામ (ટાઉન) | ધંધુકા | ચંદરવા અને સાલાસર |
| શ્રી બી.વાય. જરીવાલા | ડેપ્યુટી એન્જિનીયર | શેલા | ધંધુકા | સીટી-૧ |
| શ્રી આર.કે. શાહ | ડેપ્યુટી એન્જિનીયર | કલોલ-૧ | ધંધુકા | બારનીયા |
| શ્રી એમ.ડી. પ્રજાપતિ | ડેપ્યુટી એન્જિનીયર | ચિલોડા-૨ | ધંધુકા | ફેરડા |
| શ્રી એમ.આઇ. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | નાર્દીપુર | ધંધુકા | ભુખારીદાદા |
| શ્રી ઓ.આર. યાદવ | જુનિયર એન્જિનીયર | કલોલ-ટીએમએસ | ધંધુકા | ભડિયાદ |
| શ્રી કે.એલ. જાની | ડેપ્યુટી એન્જિનીયર | બેરાજેડી | ધંધુકા | ઝાંખી |
| શ્રી એ.જે. ગાંઠિયા | ડેપ્યુટી એન્જિનીયર | ધોળકા (ટાઉન) | ધંધુકા | ખસ્તા |
| શ્રી એસ.પી. ગામીત | ડેપ્યુટી એન્જિનીયર | કલોલ-૨ | ધંધુકા | આમલી |
| શ્રી આર.ડી. રામનાણી | ડેપ્યુટી એન્જિનીયર | ચિલોડા-૧ | ધંધુકા | પીંપલ |
| શ્રી આર.જી. બામણિયા | ડેપ્યુટી એન્જિનીયર | લાડોલ | વિરમગામ (ટાઉન) | સીટી-૩ |
| શ્રી જી.કે. સંઘવી | ડેપ્યુટી એન્જિનીયર | વિસનગર-૧ | વિરમગામ (રૂરલ) | ઝખવાળા |
| શ્રી ડી.બી. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | વિસનગર-૨ | વિરમગામ (રૂરલ) | કુમારખાન |
| શ્રી પી.એ. જોશી | ડેપ્યુટી એન્જિનીયર | મહેસાણા-હાઈવે | સાણંદ-૨ | ખોરજ |
| શ્રી કે.એ. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | ધિનોજ | સાણંદ-૧ | ખીંચા |
| શ્રી વી.ટી. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | મહેસાણા (રૂરલ) | બાવળા ઈન્ડસ્ટ્રીયલ | લોદરિયાલ |
| શ્રી જે. કે. પટેલ | ડેપ્યુટી એન્જિનીયર | ગોઝારીયા | સાણંદ-૧ | ગોરજ |
| શ્રી એમ.આર. ભુપતકર | ડેપ્યુટી એન્જિનીયર | દેહગામ (રૂરલ) | વિરમગામ (રૂરલ) | માલિકા |

ઐતિહાસિક ઘટનાઓએ દેશના અલગ અલગ ભાગમાં ઘણી બધી નાની-મોટી સંસ્કૃતિઓને જન્મ આપ્યો છે. દેશના જુદા જુદા ભાગોમાં રહેણી-કહેણી, ખાવું-પીવું, બોલ-ચાલની ભાષાઓ, લોકોની જરૂરિયાતો, ધાર્મિક માન્યતાઓ અલગ અલગ છે. વિશ્વના કોઈ પણ ભાગમાં આવો એક જ દેશ છે જેમાં આટલી બધી વિવિધતાઓ જોવા મળે છે. આપણા સંવિધાનના મહાન નિર્માણકર્તાઓએ ઘણા વાદ-વિવાદ, ચર્ચાઓ અને વિશ્વના અન્ય દેશોના નિયમો અને અધિકારોનો અભ્યાસ કર્યો. એ લોકોએ એ દિવસોમાં બની રહેલી ઘટનાઓની પાછળનાં કારણનો પણ અભ્યાસ કર્યો અને ખાસ સમજી વિચારીને દેશને વિશ્વનું સૌથી મોટું સંવિધાન આપ્યું. સંવિધાનના મહાન નિર્માણકર્તાઓએ જે નિયમો અને અધિકારોની કલ્પના કરી તે આજે ૬૫ વર્ષ પછી પણ થોડાં સામાન્ય સંશોધનો પછી આપણા દેશને અખંડતા, આપણી એકતાને બનાવી રાખવામાં મજબૂત બની રહ્યા છે અને દેશવાસીઓને ગર્વથી ઊંચા રાખતા રહ્યા છે.

કોઈ પણ દેશના અસ્તિત્વ માટે તેમના

નિયમો અને નાગરિકોના અધિકારો હોવા જરૂરી છે. જો આ નિયમો અને અધિકારો ન હોય તો દેશ અરાજકતાની દિશામાં જઈ શકે છે. આવો દેશ વિશ્વ શાંતિ માટે ભયજનક બની શકે છે. આપણા દેશ માટે એ સૌભાગ્યની વાત છે કે આપણે એમનું મહત્ત્વ સમજ્યું છે અને એને સાચા અર્થમાં અપનાવ્યું છે. સંવિધાનમાં બતાવ્યા મુજબના માર્ગ પર ચાલીને આપણે પ્રગતિના એવા સોપાન ઉપર દેશને મુક્યો છે કે આજે વિશ્વના અતિઆધુનિક દેશ પણ ભારતની પ્રગતિ સાથે જોડાવા ઈચ્છે છે અને આ જ કારણ છે કે દુનિયાના સૌથી જૂના ગણતંત્રના રાષ્ટ્રપતિએ આજે વિશ્વના સૌથી મોટા ગણતંત્રમાં મનાવાઈ રહેલા ઉત્સવમાં ભાગ લીધો છે. મિત્રો આ એક બહુ જ મોટી ઘટના છે.



સન્માનિત દેશભક્તિ ગીતના ગાયકો



સન્માનિત રમતવીરો



સન્માનિત ફીડર મેનેજરો



સન્માનિત સાંસ્કૃતિક કલાકારો તથા કર્મચારીઓ

જેવી રીતે એક દેશને ચલાવવા માટે સંવિધાનની જરૂર હોય છે એવી જ રીતે આપણી કંપનીને આગળ વધારવા માટે નિયમોની જરૂર પડતી હોય છે. યુજીવીસીએલ, જેટકોથી જોડાયેલા દરેક ભાઈઓ અને બહેનોએ આપણા દ્વારા બનાવાયેલા સિદ્ધાંતોનું ખાસ પાલન કર્યું છે. આપણા અનુશાસનને કારણે યુજીવીસીએલ, જેટકો આખા દેશમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે. યુજીવીસીએલના અનુભવી અધિકારીઓ/કર્મચારીઓને કારણે આપણે સરકારની તરફથી આપવામાં આવેલા બધા લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે. ગણતંત્ર દિવસ પર આપણે કરેલા કાર્યોને યાદ કરીને મને ખૂબ જ ખુશી થાય છે અને તમને આગ્રહ કરતાં વિશ્વાસ મળ્યો છે કે આવનારા દિવસોમાં પણ તમે યુજીવીસીએલને ખૂબ જ આગળ અને ઊંચા સ્થાન પર લઈ જઈ શકશો.

આપણે એકમેકના સહયોગમાં કંપનીમાં ખૂબ જ સારાં નવાં કામો શરૂ કર્યા હતાં અને એને સફળ થતાં જોયાં છે. આપણા બિલિંગના ક્ષેત્રમાં સુધારો લાવવા માટે photo billing, GRRS આધારિત spot billing, SMS system સુરક્ષા માટેની નવી સાધનસામગ્રી, કંપનીના કર્મચારીઓને લગતા પ્રશ્નોના નિકાલ, smart card, pilot projectનું સંચાલન, T B Lon co-ordination વગેરે કામોને સફળતાપૂર્વક પૂરાં કર્યાં છે. તમારા દ્વારા બનાવવામાં આવેલ PAT/SDT Transformer આજે ઘણા રાજ્યોમાં ઉપયોગ થાય છે. તમે સ્પોર્ટ્સ મીટમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો અને કાર્યક્રમને સફળ બનાવ્યો. આવનારા દિવસોમાં પણ આપ જોશ અને ઉત્સાહથી આપણા કામો કરતા રહેશો.

આજના દિવસે મને એ આગ્રહ કરવો જરૂરી લાગે છે કે, આપણો લાઈન સ્ટાફ પૂરી સાવધાનીથી કામ કરે જેથી વારંવાર થતા અકસ્માતોને રોકી શકાય. હાલમાં જ ઘણા અકસ્માતો થયા છે જેમાં એક કર્મચારીનું મૃત્યુ થયું છે. મહેરબાની કરીને એ વાતને ગંભીરતાથી લો અને આપણી ભૂલોને કારણે જીવન જોખમાય નહીં એની કાળજી લો.

અંતમાં તમને બધાને ફરીથી ગણતંત્ર દિવસની શુભકામના પાઠવું છું. મારો અનુરોધ છે કે તમે બધા મારી સાથે ત્રણ વખત જયહિન્દ બોલો.


જયહિંદ, જયહિંદ, જયહિંદ! ■

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાસત્તાકદિનની ઉજવણી કંપનીના ચેરમેન શ્રી વરુણનાથ માયરાના વરદ્હસ્તે ધ્વજ વંદન

સાબરમતી વર્તુળ કચેરી ખાતેના ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કંપનીના ચેરમેન શ્રી વરુણનાથ માયરાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. તેઓશ્રીના વરદ્હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. આ પ્રસંગે સાબરમતી સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી. બી.પી. બુચ ઉપસ્થિત રહેલ. વિશાળ સંખ્યામાં સાબરમતી સર્કલ તથા પટાંગણમાં આવેલ જેટકો કચેરીના કર્મચારી ભાઇઓ તથા બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કંપનીમાં પ્રથમ વાર ચેરમેનશ્રી દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમમાં ભાગ લેવામાં આવેલ જેના લીધે યુજીવીસીએલ પરિવારમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ.

સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી બુચ દ્વારા ચેરમેનશ્રીનું શાલ ઓઢાડીને ઉષ્માભર્યુ સ્વાગત કરીને બહુમાન કરેલ, શ્રી બી.પી. બુચ દ્વારા ઉપસ્થિત કર્મચારીઓનું શબ્દોથી સ્વાગત કરેલ.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વરુણનાથ માયરાએ પોતાના પ્રાસંગિક પ્રવચન દ્વારા 'બેટી બચાઓ-બેટી પઢાઓ' નારી સુરક્ષા તથા સ્વચ્છતા અભિયાન જેવા વિષયો પર પોતાનું સુંદર વ્યક્તવ્ય આપીને બેટી બચાવવા તથા





સ્વચ્છતા જાળવવા કર્મચારીઓને અનુરોધ કરીને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ અનુરોધને પ્રતિસાદ આપવા જણાવેલ.

આ પ્રસંગે ચેરમેનશ્રીના ધર્મપત્ની સુશ્રી વિનિતા માયરા પણ ઉપસ્થિત રહેલ. જેઓના વરદ્હસ્તે ઉપસ્થિત બાળકોને શૈક્ષણિક સાધનોની ભેટ આપવામાં આવેલ. પ્રસંગની ઉજવણીના ભાગ રૂપે સાબરમતી વર્તુળ કચેરીનાભાઈ-બહેનો દ્વારા દેશભક્તિના ગીતોરજૂ કરવામાં આવેલ તેમજ વિવિધ સ્પર્ધાઓ બાળકો અને કર્મચારીભાઈ-બહેનો માટે યોજવામાં આવેલ. વિજેતાઓને પ્રત્સાહક ઈનામો કાર્યપાલક ઈજનેરશ્રી ટી. વી. ધરાજીયાના વરદ્હસ્તે અર્પણ કરવામાં આવેલ.

પ્રજાસત્તાક દિનના ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા માટે અધિક્ષક ઈજનેર શ્રી બી.પી. બુચના માર્ગદર્શન તેમજ શ્રી લલિતકુમાર મહિડા સહાયક સચિવશ્રીના નેતૃત્વ હેઠળ સર્કલ તથા ડિવિઝન ઓફિસના સિવિલ સ્ટાફ, સિક્યુરિટી સ્ટાફ, પોલિસ સ્ટેશન સ્ટાફ, એચ.આર. સ્ટાફ, લેબ સ્ટાફ,ગેસ્ટ હાઉસ સ્ટાફ તથા અન્ય કર્મચારી મિત્રોએ યોગદાન આપેલ.

કાર્યક્રમનું સ્ટેજ સંચાલન શ્રી આર. ડી. રાવલ તથા શ્રી રણજીતભાઈ ત્રિવેદીએ કરેલ. ■







# કડી વિભાગીય કચેરી ખાતે યોજાયેલ ધ્વજ વંદનનો કાર્યક્રમ









૬૬મા પ્રજાસત્તાક દિનની કડી વિભાગીય કચેરીના પટાંગણમાં કાર્યપાલક ઈજનેર શ્રી વિજયકુમાર ઠાકરની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવેલ. તેમજ તેમના દ્વારા કર્મચારી ભાઇઓ તથા બહેનોની હાજરીમાં ધ્વજ વંદન કરવામાં આવેલ. આ પ્રસંગે રમત-ગમત પ્રવૃત્તિઓમાં કર્મચારી અને અધિકારીઓએ ભાગ લીધેલ. ■

# પાટણ ખાતે યોજાયેલ વીજ સલામતી અંગેનો સેમિનાર











કોર્પોરેટ ઓફિસના માર્ગદર્શન મુજબ તા. ૨૮-૦૧-૨૦૧૫ના રોજ પાટણ વિભાગીય કચેરીના તમામ લાઇન સ્ટાફ કર્મચારીઓને સલામતી અંગે માહિતી આપવા માટે ''સલામતી સેમિનાર'' ગાંધી સ્મૃતિ હોલ, પાટણ ખાતે યોજાયેલ.

આ પ્રસંગે પાટણ વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી કે.વી. પટેલ, વર્તુળ કચેરીના નાયબ ઇજનેર શ્રી એસ. આર. પટેલ, ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર મહેસાણાના નાયબ ઇજનેર શ્રીમતી અલ્કાબેન રાવલ, રીજીઓનલ સ્ટોર ઓફિસ નાયબ ઇજનેર શ્રી એસ. બી. લીંબાચીયા તેમજ કડી વિભાગીય કચેરીના નાયબ ઇજનેર શ્રી એસ. આર. પટેલ હાજર રહેલ. સલામતીના સાધનોનો ઉપયોગ કરીને સલામતી કેવી રીતે જાળવવી તે અંગે વિગતવાર માહિતી ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના વક્તવ્યમાં પૂરી પાડેલ.

આ પ્રસંગે વિશાળ સંખ્યામાં યાંત્રિક વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. ■

# યુજીવીસીએલ પરિવારે સ્વજન ગુમાવ્યા, સલામતી અંગે કંપની ચિંતિત

**છેલ્લા છ માસમાં વીજ અકસ્માતથી ઉત્તર ગુજરાત વીજ કંપની(યુજીવીસીએલ)એ પરિવારના કેટલાક સભ્યો ગુમાવ્યા. કંપનીનું અવિભાજ્ય અંગ એવા કર્મચારીઓના નિધનથી કંપનીમાં શોકની લાગણી પ્રવર્તે છે.**

### સ્વ. હિતેષકુમાર સુમનભાઇ પટેલ



તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ દિયોદર-૨ પેટા વિભાગમાં ફરજ બજાવતા શ્રી હિતેષકુમાર સુમનભાઇ પટેલનું નિધન થયેલ. શ્રી હિતેષકુમાર પટેલ જ્યારે ૬૬ કે. વી. રાંટીલા સબસ્ટેશનમાં ૧૧ કે.વી. કાવેરી ફીડરના ડી.પી.સ્ટ્રક્ચર ઉપર કામ કરતા હતાં ત્યારે અકસ્માત સર્જાતા તેમનું અવસાન થયું. ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી હિતેષકુમાર પટેલ ૩૦ વર્ષની વય ધરાવતા હતા. સ્વર્ગસ્થ હિતેષકુમાર તેમની પાછળ ત્રણ વર્ષની દીકરી, માતા-પિતા, પત્નીને વિલાપ કરતા મુકી ગયા છે.

### સ્વ. પ્રહલાદભાઈ રામાભાઈ વણકર



તા. ૨૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ દિયોદર-૨ પેટા વિભાગીય કચેરીમાં જ લાઈનમેન તરીકે ફરજ બજાવતા શ્રી પ્રહલાદભાઈ રામાભાઈ વણકરનું અકસ્માતથી મૃત્યુ થયેલ. શ્રી વણકર કુવાતા ખાતે ૧૧ કે.વી. દર્શન ફીડરની ટી.સી પર કામ કરતાં હતાં ત્યારે પ્રાણઘાતક અકસ્માત સર્જાયો. સ્વર્ગસ્થ શ્રી પ્રહલાદભાઈની વય ૫૪ વર્ષની હતી. સ્વર્ગસ્થ તેમની પાછળ એક ૧૮ વર્ષની દીકરી, બે પુત્રો ૨૦-૨૨ વર્ષના, માતા-પિતા, પત્નીને વિલાપ કરતાં મુકી ગયા છે.

### સ્વ. શૈલેશભાઈ કાન્તીલાલ પ્રજાપતી



તા. ૮ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ બારેજા પેટા વિભાગીય કચેરીમાં ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ તરીકે સેવારત શ્રી શૈલેશભાઇ કાન્તીલાલ પ્રજાપતીનું અકસ્માતમાં મૃત્યુ થયેલ. નવા ગામ ખાતે ૧૧ કે.વી. લાઈન સ્ટ્રીંગિંગની કામગીરી દરમિયાન સર્જાયેલા પ્રાણઘાતક અકસ્માતથી નવયુવાન કર્મચારીનો જીવનદીપ બુઝાયો. સ્વર્ગસ્થ યુવાનની ઉંમર ૩૧ વર્ષ હતી. સ્વર્ગસ્થ તેમની પાછળ ૪ અને ૬ વર્ષની બે દીકરીઓ, પત્ની, માતા-પિતા, ભાઈ મોટાને વિલાપ કરતા મુકી ગયા છે.

સલામતી અંગેની જરૂરી સૂચનાઓ તથા સલામતીના સાધનોના ઉપયોગ અંગેની અપીલ છતાં આ અકસ્માતો સર્જાયા છે. છેલ્લા ૬ મહિનામાં આપણા પરિવારના ત્રણ સભ્યોને આપણે ગુમાવ્યા છે. માંડ ત્રીસ વર્ષની વય વટાવી ચુકેલા બે યુવા-કર્મચારી અને વર્ષો સુધી કંપનીને સેવા આપનાર એક કર્મચારીના નિધનથી ન પુરાય તેવી ખોટ પડી છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ આપે અને તેમના કુટુંબીજનોને આવી પડેલી અણધારી આફત સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના. આ અકસ્માતથી આપણે વધુ સજાગ બનીએ. તમામ કર્મચારીઓ સલામતીના નિયમોનું ચુસ્તતાથી પાલન કરે, સલામતીના સાધનોનો ઉપયોગ કરે અને સ્વસ્થતાથી ફરજ બજાવે તે પોતાના, કુટુંબના તેમજ કંપનીના હિતમાં છે. ■

**જિંદગી છે કિંમતી અનામત, રાખો અકસ્માતથી સલામત**

# વીજ અકસ્માત અટકાવવા હાર્દિક અપીલ

આપણી વીજકંપનીની વિકાસયાત્રામાં આપ સૌનો બહુમૂલ્ય ફાળો છે અને એટલું જ બહુમૂલ્ય આપનું જીવન છે. છેલ્લા કેટલાક સમયમાં આપણી કંપનીમાં જીવલેણ અકસ્માતો સર્જાયા છે, જે અત્યંત દુઃખદ છે.

કંપનીના સમગ્ર પરિવાર માટે અને આપ સર્વેના કુટુંબીજનો માટે પણ અકસ્માત દુર્ભાગ્યપૂર્ણ અને અસહ્ય હોય છે.

આપની રોજિંદી કામગીરી દરમિયાન ક્યારેક બિનજરૂરી ઉતાવળ, સલામતીનાં સાધનોની અવગણના તથા વધુ પડતા આત્મવિશ્વાસથી અકસ્માત સર્જાય છે. આપણી કંપનીમાં કોઈ અકસ્માત સર્જાય નહીં તે માટે કંપની સતત પ્રયત્નશીલ છે. અકસ્માત નિવારણ માટે વારંવાર જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે તથા સલામતીનાં સાધનો તમામ ટેકનિકલ કર્મચારીઓને ફાળવવામાં આવેલ છે.

પરંતુ ૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શ્રી હિતેષકુમાર સુમનભાઇ પટેલને ૬૬ કે.વી. રાંટીલા સબસ્ટેશનમાં ૧૧ કે.વી. કાવેરી ફીડરના ડી.પી.સ્ટ્રક્ચર ઉપર કામ કરતાં જીવલેણ અકસ્માત નડ્યો. ૨૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ લાઈનમેન તરીકે ફરજ બજાવતા શ્રી પ્રહલાદભાઈ રામાભાઈ વણકર કુવાતા ખાતે ૧૧ કે. વી. દર્શન ફીડરની ટી.સી પર કામ કરતા હતા ત્યારે પ્રાણઘાતક અકસ્માતનો ભોગ બન્યા. આ બંને કર્મચારી દિયોદર-૨ પેટા વિભાગમાં ફરજ બજાવતા હતા. એ જ રીતે, ૮ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ બારેજા પેટા વિભાગીય કચેરીમાં ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ તરીકે સેવારત શ્રી શૈલેશભાઇ કાન્તીલાલ પ્રજાપતિનું નવા ગામ ખાતે ૧૧ કે.વી. લાઈન સ્ટ્રીંગિંગની કામગીરી દરમિયાન સર્જાયેલા પ્રાણઘાતક અકસ્માતથી મૃત્યુ થયેલ છે.

મિત્રો, ખૂબ જ ખિન્ન હૃદયે આ વાત હું આપને કરી રહ્યો છું. મારી આપ સૌને હાર્દિક અપીલ છે કે આપ કામકાજ દરમિયાન અકસ્માત નિવારણની સૂચનાઓનો કાળજીપૂર્વક અમલ કરો તેમ જ સલામતીનાં સાધનોનો અચૂક ઉપયોગ કરો. આપનું જીવન કંપની માટે અને આપના પરિવાર માટે અમૂલ્ય છે. આપણે સૌ પોતાની અને સાથી કર્મચારીની સલામતી માટે વધુ સજાગ બનીએ અને સાવચેતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સંકલ્પબદ્ધ બનીએ.

હંમેશા આપની કુશળતા ઈચ્છતો...

## હંમેશા આટલું જરૂરથી કરશો

- સલામતીના નિયમોનું ચોકસાઈપૂર્વક પાલન કરો.
- આપનાં સાધનોના ઈન્સ્યુલેશનની સતત ચકાસણી કરો.
- હંમેશા બુટ, યુનિફોર્મ, હાથમોજા, આઈડેન્ટી કાર્ડ વગેરે હાથવગા રાખો.
- દરેક કાર્ય કરતી વખતે સલામતીને પ્રાધાન્ય આપો.
- લાઇન ઉપર કામ કરતાં પહેલાં લાઈન અર્થિંગ રોડથી ડિસ્ચાર્જ કરવી અને સ્થળ ઉપર અર્થિંગ કરીને જ કામ કરવું.
- હંમેશા કોઈ પણ જગ્યાએ પાવર ચાલુ સમજીને સાવચેતીપૂર્વક વર્તવું.
- સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે ધીરજપૂર્વક કામ કરવું. ખોટી ઉતાવળ ન કરવી.
- કામ કરતાં પહેલાં લાઇનની સંપૂર્ણ ટેકનિકલ માહિતી મેળવવી. કામ પત્યા બાદ માટી તથા ખાડા વ્યવસ્થિત રીતે પૂરી દેવા.
- કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં તેને બરાબર સમજી લેવું.
- યોગ્ય જગ્યાએ યોગ્ય સાધનોનો જ ઉપયોગ કરો.
- કામ કરવાની ધગશ કેળવી મન હંમેશા કામમાં જ પરોવો.
- ગ્રાહકો સાથે નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો.
- કામની ટીમના કર્મચારીઓ વચ્ચે યોગ્ય સોંપણી કરી, એકબીજાના સંપૂર્ણ સહકારથી કામ કરવું.

## આટલું તો ક્યારેય ન કરશો

- કામ કરતી વખતે મજાક મસ્તી ન કરવી.
- કામ કરતી વખતે વ્યસન ન કરવું.
- ચાલુ પાવરમાં કામ કરનાર વ્યક્તિને અડકવું નહીં તથા તેનાથી સલામત અંતરે ઊભા રહેવું.
- કારણ વગર ઉતાવળ ન કરવી.
- કોઈ પણ કામમાં વધુ પડતા અને ખોટા આત્મવિશ્વાસમાં ન રહેવું.
- માનસિક ચિંતામાં બિનસલામત રીતે કામ ન કરવું.
- ક્યારેય ઈલેક્ટ્રીક કનેક્શન લૂઝ ન રાખવા,
- સુરક્ષાનાં સાધનોની અવગણના ન કરવી.
- કામમાં બેધ્યાનપણું ન રાખવું. ■

# સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અન્વયે ધોલેરા ખાતે વીજ વિતરણની સુદ્રઢ વ્યવસ્થા

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યના વિકાસ માટે પ્રજાલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી દ્વારા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળના કાર્યક્રમની જોગવાઈ અને રાજ્યના સાગરકાંઠાના ૧૩ જિલ્લાઓના કુલ ૩૮ તાલુકાઓને અગિયારમી પંચવર્ષિય યોજના અંતર્ગત આયોજન વિચારવામાં આવેલ.

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વિવિધ કાર્યક્રમ જેવા કે, કૌશલ્ય વર્ધક કાર્યક્રમો, રોજગારીની તકો, શિક્ષણ થકી સર્વાંગી વિકાસ, દરિયાકાંઠે શુદ્ધ પીવાનું પાણી, ઘરનું ઘર, સર્વે સાગરખેડૂઓ માટે આરોગ્ય જમીનનું સંરક્ષણ, જળ વ્યવસ્થાપન, ક્ષમતાવર્ધક કાર્યક્રમ, અગરિયાઓનો વિકાસ, સાગરકાંઠે રાષ્ટ્રીય સુરક્ષા અને તમામ કાર્યક્રમને સફળતાપૂર્વક અમલમાં મુકવા માટે સૌથી આવશ્યક ઊર્જા વિકાસનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની હસ્તક સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અન્વયે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ તેમજ અધિક્ષક ઈજનેર, સાબરમતી, શ્રી બી.પી. બુચના નેતૃત્વ હેઠળ કાર્યપાલક ઈજનેર બાવળા, ધોલેરા, નડિયાદ અને ચંદરવા ખાતે કાર્યક્રમનું સફળ અમલીકરણ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. પ્રથમ ધોલેરા ફીડરના ધોલેરા, ખૂણા, રાહતળાવ અને ભીંત તળાવ વગેરે ગામોમાં સુદ્રઢ વીજ વિતરણ વ્યવસ્થા માટે ખુલ્લા એલ્યુમિનિયમ વાયરોને બદલે હાઈ એન્ટીકોરોસીલ ઓલ એલ્યુમિનિયમ એલોય (AAAC) અથવા એરીયલ બસ કન્ડકટર અથવા ઈન્સ્યુલેટર કન્ડકટર, અથવા XLPE કેબલ નાખવાનું નક્કી કરવામાં આવેલ. ડેટ્રીઓરેટો ડીસ બોક્ષ, લાઈન તથા તૂટેલા પોલ બદલવાની કામગીરી હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ. નવા સબ સ્ટેશન શરૂ કરવા ટ્રાન્સમીશન લાઈનને સુદ્રઢ કરવી.

કોર્પોરેટ કમ્યુનિકેશન ટીમ દ્વારા સદર કામગીરીની જાત માહિતી મેળવવા માટે



સ્થળ ઉપર મુલાકાત લીધી જ્યા ધોલેરામાં ૧૧ કેવી લાઈન ઉપર કોટેડ કન્ડકટરની કામગીરી કરવામાં આવેલ તેમજ વીજ વિક્ષેપ અને ટીએન્ડડી લોસ ઘટાડવાના ઉદ્દેશના ૧૦ કેવીએના નાની સાઈઝના ટ્રાન્સફોર્મર લગાડવામાં આવેલ, તેમજ વીજ થાંભલેથી આર્મર્ડ કન્ડકટર દ્વારા ગ્રાહકોના ઘર, દુકાન અને ઓફિસ સુધી આપવામાં આવેલ છે. ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર મુજબ ગ્રાહકોની જરૂરિયાત મુજબનો વીજ ભાર આપવાથી ૧૫થી ૧૬ ગ્રાહકોને સંતોષ આપી શકાય છે. જ્યારે ૫ કેવીએના ટ્રાન્સફોર્મરથી ૧૦ જેટલા ગ્રાહકોને વીજ કનેકશન આપી શકાય છે. કોર્પોરેટ કમ્યુનિકેશનની ટીમ દ્વારા રાહત આપવા ગામની મુલાકાત પણ લેવામાં આવેલ જ્યાં ૫ કેવીએન ટ્રાન્સફોર્મર મોટી સંખ્યામાં લગાવવામાં આવેલ.

રૂબરૂ મુલાકાતમાં ધોલેરા, ખૂણા, રાહતળાવના ગ્રામવાસીઓ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવેલ કામગીરી માટે સંતોષની લાગણી વ્યક્ત કરેલ. ધોલેરા ગામના સરપંચ શ્રી હરદેવસિંહ ચુડાસમાએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સુદ્રઢ વીજ વિતરણ વ્યવસ્થા અંગે સંતોષની લાગણી વ્યક્ત કરેલ અને તેમના વીજ વિક્ષેપના પ્રશ્નોમાં રાહત હોવાનું જણાવેલ તેમજ ગામની નાની ગલીઓમાં ખુલ્લા વાયરોને બદલે કોટેડ કન્ડક્ટર નાખવાને લીધે અકસ્માતનો ભય સંપૂર્ણ ટળી ગયો હોવાનું જણાવેલ અને ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરી માટે ગ્રામવાસીઓ સંતુષ્ટ હોવાની લાગણી વ્યક્ત કરેલ.

સર્કલ ઓફિસના કાર્યપાલક ઈજનેર શ્રી શ્રોફ દ્વારા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનાની સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ. તેમજ ધોલેરા ખાતે સદર કામગીરી સંપૂર્ણ પૂર્ણ થઈ હોવાનું જણાવેલ. આગામી સમયમાં ભાડિયાદ અને ચંદરવા ગામે પણ ખૂબ ઝડપથી સદર કામગીરી પૂર્ણ કરવાના નિર્ધાર વ્યક્ત કરેલ. સમગ્ર કામગીરીમાં ધંધુકા નાયબ ઈજનેર શ્રી એચ.એમ. શાહ તથા તેમના લાઈન સ્ટાફ દ્વારા ખૂબ જહેમત ઉઠાવીને સદર કાર્યક્રમ સફળ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. ■

# ટી એન્ડ ડી લોસ ઘટાડવા સઘન ઝુંબેશ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત કંપની તરીકે ઉત્તર ગુજરાત વીજ કંપનીએ પોતાના કાર્યકાળના નવ વર્ષમાં ૧૩ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડઝ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતને ભારતમાં ગૌરન્વિત કરવાનું ભગીરથ કામ કરેલ છે. કામગીરીના ઉચ્ચ લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે કંપની હંમેશા કટિબધ્ધ હોય છે. સિધ્ધિઓના શ્રેષ્ઠ તબક્કે કંપની ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકે ગોલ્ડશીલ્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. કંપનીના કર્મ કર્મચારીઓ હંમેશા શ્રેષ્ઠ કામગીરી માટે તત્પર હોય છે અને પોતાની શ્રેષ્ઠ ક્ષમતા સાબીત કરવા તૈયાર હોય છે.

ટીએન્ડડી લોસની આંકડાની દ્રષ્ટિએ ભારતમાં સૌથી ઓછો ટીએન્ડ ડી લોસ ધરાવે છે પરંતુ હજી પણ ટીએન્ડ ડી લોસ ઘટાડી શકાય તે દિશામાં વધુ સુક્ષ્મ કામગીરી હાથ ધરી શકાય તે દિશામાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન અને કંપનીના મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબેન આર. દેસાઈના નેતૃત્વ હેઠળ મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં કુલ ૧૭૧ ફીડરો કે જેમાં સરેરાશ ૧૫ ટકાથી વધુ ટીએન્ડડી લોસ આવે છે તેની પસંદગી કરવામાં આવેલ છે. કોર્પોરેટ ઓફિસના ઉચ્ચ અધિકારીઓને ફીડર મેનેજરના સુપરવાઈઝર તરીકેની કામગીરી સોંપવામાં આવેલ છે.

ટીએન્ડ ડી લોસ ઘટાડવા માટે સામૂહિક ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જેમાં વીજ ગેરરીતિ કરવા માટે નાખવામાં આવેલ લંગરો દૂર કરવા, વીજ કનેકશનના ચેકિંગ, મીટર બોક્ષ લગાવવા, જે લાઈનો ઉપર વીજ કનેકશન ન હોય તેવી લાઈનો ઉતારવી, વોટર વર્કસના ચેકિંગ, ઘરની અંદર રહેલા મીટરો કે જેનાથી વીજ ગેરરીતિની શક્યત હોય છે તેવા મીટરો ઘરની બહાર વાંચી શકાય તેવી પરિસ્થિતિમાં મુકવા, મીટર રીડીંગના ક્રોસ વેરીફીકેશન, પીડીસી થયેલ વીજ કનેકશનોની સ્થળ પરની સ્થિતિ અંગેની ચકાસણી, નવીન જોડાણ આપેલ

**ટીએન્ડડી લોસની આંકડાની દ્રષ્ટિએ ભારતમાં સૌથી ઓછો ટીએન્ડ ડી લોસ ધરાવે છે પરંતુ હજી પણ ટીએન્ડ ડી લોસ ઘટાડી શકાય તે દિશામાં વધુ સુક્ષ્મ કામગીરી હાથ ધરી શકાય તે દિશામાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન અને કંપનીના મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબેન આર. દેસાઈના નેતૃત્વ હેઠળ મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.**

વીજ કનેકશનના સમયસરના બીલીંગની ચકાસણી ફીડર કોડીંગનું વેરીફીકેશન વગેરે કામગીરી હાથ ધરવામાં આવેલ.

તેમજ જરૂરિયાત કરતાં વધુ કેપેસીટીના ટ્રાન્સફોર્મરના બદલે ૫, ૧૦, ૧૬ કેવીએની કેપેસીટીના ટ્રાન્સફોર્મર લગાવવાની કામગીરી કરવામાં આવેલ છે. જેથી ટીએન્ડડી લોસ ઘટાડી શકાય. જીયુવીએનએલના માર્ગદર્શન મુજબ ગ્રામ મુલાકાતો લઈ વીજ ગ્રાહકોને વીજ ગેરરીતિ ન કરવા સલાહ આપવામાં આવે છે.

સામૂહિક ચેકીંગની કામગીરી દરમ્યાન સહકાર આપવાને બદલે પ્રતિકાર કરતા બે ગામો બાજરડા અને ખોરજ ગામનો વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ અને તેઓ દ્વારા આપવામાં આવેલ સહકારની ખાત્રી બાદ વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં અન્ય વિસ્તારમાં આ પ્રકારના બનાવ ન બને તેનો દાખલો બેસાડવામાં આવેલ છે જેથી ચેકિંગની કામગીરી સંલગ્ન અધિકારી અને કર્મચારીઓનું મનોબળ ઊંચુ આવે.

ટીએન્ડડી લોસ ઘટાડવાની કામગીરીને સફળ બનાવવા માટે લંગરો કાઢવામાં આવ્યા, સગડીઓ કાઢવામાં આવી. કુલ ૨૫૩૦૦ વીજ કનેકશનનું ચેકિંગ કરવામાં આવ્યું જે પૈકી ૨૫૨ જેટલા કનેક્શનોમાં થઈ રહેલી વીજ ગેરરીતિઓ પકડવામાં આવી. લગભગ ૫૦ લાખ રૂપિયાના વીજ ચોરીની આકારણી કરવામાં આવી. તમામ કેટેગરીના નવીન કનેકશનો જ્યાં ગેરરીતિ આચરવામાં આવતી હતી ત્યાં અગ્રતા ક્રમે આપવામાં આવેલ. નવીન કનેક્શનોનું બીલીંગ કરવામાં આવ્યુ. ફીડર કોડનું વેરીફીકેશન કરીને સાચા કનેકશનો જે તે ફીડરમાં મુકવામાં આવ્યા. દરરોજ એમ્પીઅર લોડિંગનું મોનીટરીંગ કરવામાં આવ્યું. દરરોજના મોકલવામાં આવેલ યુનિટસ મોનીટરિંગ કરવામાં આવ્યું. ડીટીસી મીટર રીડિંગ રીવ્યુ કરવામાં આવ્યુ.

કેપેસીટી પ્રમાણેના ટ્રાન્સફોર્મર મુકવામાં આવ્યા. ટ્રાન્સફોર્મર ઉપર લોડનું બેલેન્સીંગ કરવામાં આવ્યું. કુલ ૨૮૨૩ જેટલા ફોલ્ટી મીટરો બદલવામાં આવ્યા.

તૂટેલી સર્વીસ લાઈનો બદલવામાં આવી, ઢીલા વાયરો ખેંચવામાં આવ્યા. બંધ મકાનોની ચકાસણી કરવામાં આવી. ઝીરો વપરાશ ધરાવતા મીટરોની ચકાસણી કરવામાં આવી. ૪૯૦૪ જેટલા મીટરોનું ક્રોસ રિડિંગ ચેક કરવામાં આવ્યું. કાપી નાંખવામાં આવેલ ૯૮૩ મીટરોનું ચેકિંગ કરવામાં આવ્યું. સમગ્ર કામગીરીમાં નાયબ ઈજનેર, જુનિયર ઈજનેર, લાઈન સ્ટાફ તથા જુનિયર અને સિનિયર આસિસ્ટન્ટની મદદ લેવામાં આવેલ.

**જરૂરિયાત કરતાં વધુ કેપેસીટીના ટ્રાન્સફોર્મરના બદલે ૫, ૧૦, ૧૬ કેવીએની કેપેસીટીના ટ્રાન્સફોર્મર લગાવવાની કામગીરી કરવામાં આવેલ છે. જેથી ટીએન્ડ ડી લોસ ઘટાડી શકાય. જીયુવીએનએલના માર્ગદર્શન મુજબ ગ્રામ મુલાકાતો લઈ વીજ ગ્રાહકોને વીજ ગેરરીતિ ન કરવા સલાહ આપવામાં આવે છે.**

કોર્પોરેટ ઓફિસમાંથી મુખ્ય ઈનજેર (ઓપ) શ્રીમતી છાયાબેન દેસાઈની સીધી દેખરેખ હેઠળ કોર્પોરેટ ઓફિસમાંથી વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એમ.કે. રાઠોડ અધિક્ષક ઈજનેર (ટેક), શ્રી આર.જે. પટેલ, અધિક્ષક ઈજનેર (DSM) શ્રી એન.સી. મકવાણા, કાર્યપાલક ઈજનેર શ્રી જે.એલ.રાઠોડ તથા શ્રી આર.સી.દેસાઈના સુપરવીઝન હેઠળ ધંધુકા, સાણંદ, વિરમગામ, (ટાઉન) (રૂરલ) બાવળા ઈન્ડસ્ટ્રીયલ સબ-ડીવીઝનના નાયબ ઈજનેરના સંકલનમાં મુકવામાં આવેલ કલોલ ટીએમએસ, બારેજડા, કલોલ-૨, મહેસાણા હાઈવે, માંડલ, ધોળકા (ટાઉન) (રૂરલ), દહેગામ (ગ્રામ્ય), ચિલોડા-૧, સેલા, નારદીપુર, બારેજા, કલોલ-૧, ચિલોડા-૨, લાડોલ, વિસનગર-૧ અને ૨, ધીણોજ, મહેસાણા (ગ્રામ્ય) અને ગોઝારીયાના નાયબ ઈજનેરે તેમજ તેમની ટીમ દ્વારા સમગ્ર કામગીરીને સફળ ઓપ આપવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની માટે સદર કામગીરીથી ટીએન્ડ ડી લોસ નીચે આવવાની મહત્ત્વની સફળતા તો પ્રાપ્ત થશે પરંતુ તમામ કર્મચારીઓને દર વર્ષે મળતા ઈન્સેન્ટીવ દ્વારા નાણાકીય ફાયદો થાય તેવી બાબત પણ જાણવા મળે છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા જાહેર કરવામાં આવતા ઈન્સેન્ટીવમાં ૪૦ માર્કસ ટીએન્ડડી લોસની કામગીરીના મૂલ્યાંકન માટે આપવામાં આવે છે. ૧૭૧ ફીડર પૈકી પસંદગી કરેલ ૫૮ ફીડરમાં ગત વર્ષના સંદર્ભમાં જો ૧૦ ટકા ટીએન્ડી લોસનો ઘટાડો થાય તો ૧૫ ટકા (૪૦ માક્સ પૈકી) ગુણ પુરા મળી શકે છે. નહીં તો ઘટાડાના રેશીયો પ્રમાણે ગુણ મળતા તેને અનુલક્ષીની ઈન્સેન્ટીવ જાહેર કરવામાં આવે છે.

સમગ્ર કામગીરીની સફળતાને લક્ષમાં લઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા ફીડર મેનેજરને અને તેમની ટીમને ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સન્માનપત્રો આપીને સન્માનિત કરવામાં આવેલ છે.

આ પ્રકારની સૂક્ષ્મ કામગીરી દ્વારા કંપની ભવિષ્યમાં પણ અન્ય કામગીરીમાં પોતાના લક્ષ્યાંકો સિદ્ધ કરી શકશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવે છે સમગ્ર કર્મચારી આલમ દ્વારા સદર કામગીરીની સહર્ષ નોંધ લઈને બિરદાવવામાં આવેલ છે. સન્માનપત્ર દ્વારા આ પ્રકારની કામગીરી સંલગ્ન તમામ કર્મચારીઓનો ઉત્સાહ વધશે તેવો આશાવાદ સેવવામાં આવે છે. ■



અવિરત પાછળ કામ અમારું (૨)
સલામતી અપનાવીને

હેલમેટ પહેરી, બેલ્ટ પહેર્યો (૨)
હેન્ડ ગ્લોવ્ઝ બુટ પહેર્યા રે...

એલસી લઇને, સ્વિચ કાપીને (૨)
અર્થિંગ પાડી દીધા છે.

વીજ રેખાની મરામત કાજે (૨)
અમે તો ભેળા બધા રે...

સતત પરિશ્રમ કાર્યકુશળતા (૨)
એ જ અમારી ઓળખ છે

એક મહા પરિવાર અમારો (૨)
યુજીવીસીએલ કહેવાયે રે...



**શ્રી વિજયકુમાર ઠાકર**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
કડી, ડિવિઝન ઓફિસ

# સ્વાઈન ફ્લુથી બચવા રાખવાની તકેદારી

ગુજરાત સહિત સમગ્ર ભારતમાં અત્યારે સ્વાઈન ફ્લુના રોગચાળાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. સ્વાઈન ફ્લુ એ નવીન પ્રકારના H1N1 ઈન્ફ્લ્યુએન્ઝા વાઈરસનો ફેલાવો છે. ડુક્કરમાં જોવા મળતી અમુક ચોક્કસ પ્રકારની બિમારી જે ઈન્ફ્લુએન્ઝા વાયરસથી થાય છે તેના જેવા જ વાયરસથી આ રોગ થતો હોવાથી તેને સ્વાઈન ફ્લુ નામ મળ્યું છે.

સ્વાઈન ફ્લુ એક ચેપી રોગ છે. ઈન્ફ્લુએન્ઝા વાયરસ વ્યક્તિના નાક, ગળા અને ફેફસાંના કોષોને અસર કરે છે. આ રોગથી પીડાતી વ્યક્તિને છીંક કે ખાંસીના સંપર્કમાં આવવાથી તનો ચેપ બીજી વ્યક્તિને લાગી શકે છે. સ્વાઈન ફ્લુનાં શરૂઆતનાં લક્ષણોમાં તાવ, ગળાનો સોજો, ઉધરસ, માથાનો દુખાવો, સ્નાયુ કે સાંધામાં દુખાવો અને ઉબકા, ઊલ્ટી કે અતિસારનો સમાવેશ થઈ શકે છે.

અસ્થમા, ડાયાબિટીસ કે હૃદયરોગ ધરાવતા અને મેદસ્વી લોકો માટે સ્વાઈન ફ્લુ વધુ ગંભીર બની શકે છે. જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા લોકો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓને પણ સ્વાઈન ફ્લુનું જોખમ રહે છે.

આ રોગમાં ચેપ લાગ્યાના બીજા દિવસથી લક્ષણો દેખાવાનું શરૂ થઈ શકે છે. આ રોગથી ન્યુમોનિયા અને શ્વસનતંત્રની નિષ્ફળતા જેવી બીજી ગંભીર અસર થઈ શકે છે. આ રોગના ચેપનો ફેલાવો અટકાવવા આવાં લક્ષણોવાળી વ્યકિતઓને શાળા, કામકાજ અને ભીડવાળાં સ્થળોથી દૂર ઘરમાં રહેવું એવી ભલામણ કરાય છે. વધુ તીવ્ર લક્ષણોવાળી વ્યકિતઓ અથવા જોખમવાળાં જૂથની વ્યકિતઓને એન્ટિવાયરલથી લાભ થઈ શકે.

હમણાં સતત બદલાઈ રહેલા વાતાવરણમાં શિયાળો ન પૂરો થાય ત્યાં સુધી સ્વાઈન ફ્લુનો ચેપ લાગવાની શક્યતા વધુ રહે છે.

## આ બીમારીથી કેવી રીતે બચી શકાય?

નિષ્ણાત તબીબો કહે છે કે સ્વાઈન ફ્લુથી વધુ પડતા ગભરાઈ જવાની જરૂર નથી, ફક્ત આ રોગ વિશે જાગૃત થઈને કેટલીક વિશેષ સાવચેતી રાખવી અનિવાર્ય છે. આ રોગથી બચવા માટે નીચેનાં પગલાં લઈ શકાય :




- આપના હાથ વારંવાર સાબુથી ધુઓ, પૂરતી ઊંઘ લો.
- પુષ્કળ પ્રમાણમાં પાણી પીઓ અને પોષક ખોરાક લો.
- શરદી-ખાંસી હોય, ગળામાં તકલીફ, માથુ દુઃખવું, તાવ આવતો હોય તો નજીકના તબીબ કે પાલિકાના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો. વધારે તાવ, ગળામાં દુઃખાવો થાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી.
- જ્યારે પણ ઉધરસ અથવા શરદી આવે ત્યારે આપનું મોં અને નાક ટિસ્યૂ પેપર વડે ઢાકી દો. બાદમાં તેને ફેંકી દો.
- શરદી-ઉધરસ બાદ આપના હાથ ગરમ પાણી અને સાબુ વડે ધોવાનું ન ભૂલશો.
- આલ્કોહોલ ધરાવતા હેન્ડ ક્લિનર વધુ ફાયદાકારક રહેશે.
- બની શકે તો આપની આંખ, નાક અને મોઢાને સ્પર્શવાનું ટાળો કારણ કે કિટાણુઓ આ માર્ગેથી જ ફેલાઈ શકે છે.
- બીમારીથી પીડિત અન્ય લોકોથી દૂર રહો, જો તમે બિમાર હોય તો ઘરમાં રહો અને બહાર જવાનું ટાળો.
- સ્વાઈન ફ્લુ થયો હોય તો કામ પર કે શાળાએ જશો નહીં કેમ કે આપને કારણે અન્ય લોકોમાં પણ આ વાયરસ ફેલાવાની ભીતિ રહેશે.

સ્વાઈન ફ્લુ અને અન્ય સામાન્ય તાવનાં લક્ષણ લગભગ સરખાં હોવાથી પ્રારંભમાં ગૂંચવણ થઈ શકે છે. એટલે જ આરોગ્ય તંત્ર અને ડોક્ટરો જ આપના યોગ્ય ચેક અપ પછી જણાવી શકે છે કે, આ વાયરસ આપના શરીરમાં પ્રવેશી ચૂક્યો છે કે નહીં.

ગુજરાતમાં ઉત્તરાયણ બાદ માથું ઉચકી રહેલા સ્વાઈન ફ્લુના દર્દીઓનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે જેના પગલે આરોગ્ય તંત્ર દ્વારા રોગ સામે રક્ષણાત્મક પગલાં સૂચવાઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા સ્વાઈન ફ્લુ ચેપથી ફેલાય નહીં તેટલા માટે તંત્રને સજ્જ કરાયું છે. રોગનો ચેપ ફેલાય નહીં તેની તકેદારી રાખવા માટે પગલાં ભરવાની જિલ્લા કલેક્ટર અને આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી છે. ■

# સાવચેત રહી સંભાળીએ વીજળીના તાર
## જીવનમાં ફેલાવીએ ખુશાલી અપાર



**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો ?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com